ભોજન, પાણી, વિશ્રામ સાથે મેડિકલ સહાય સહિતની સેવાઓ ઉપલબ્ધ: ભાવેન ભટ્ટ

એસ્સાર દ્વારા કજુરડા ગામ નજીક પદયાત્રા સેવા કેમ્પ ખુલ્લો મૂકાયો: યુવરાજ અજય જાડેજાના હસ્તે ઉદ્ઘાટન

ભાવિકો અહીં આનંદથી ગરબા અને નૃત્યથી ભક્તિનું રસપાન પણ કરાવતા હોય છે

જામનગર તા. ૨૫: એસ્સાર ગ્રુપ દ્વારા દ્વારકા ફૂલ-ડોલ મહોત્સવ પદયાત્રી સેવા કેમ્પ જામનગરના યુવરાજ અજય જાડેજા દ્વારા ખુલ્લો મૂકાયો છે.

એસ્સાર ગ્રુપ દ્વારા તેના કજૂરડા ગામ પાસે સ્થિત પાવર પ્લાન્ટના મુખ્ય ગેટ સામે શ્રી દ્વારકા ફૂલ-ડોલ મહોત્સવમાં સહભાગી થવા જઈ રહેલા પદયાત્રીઓની સેવા અર્થે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેવા કેમ્પનું ઉદ્ઘાટન ભારતના જાણીતા પૂર્વ ક્રિકેટર અને જામનગરના યુવરાજ અજય જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ઉદ્ઘાટન સમારંભમાં એસ્સાર ગ્રુપના પદાધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત આજુબાજુના ગામના સરપંચો, અન્ય અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તારીખ ૨૪ થી ૨૭ ફેબ્રુઆરી દરમ્યાન આયોજિત આ સેવા કેમ્પ દરમિયાન અંદાજે ૧ લાખ ભાવિકો ઉપરોક્ત સેવાઓનો લાભ લેશે તેવો અંદાજ છે.

આ પ્રસંગે જામનગર યુવરાજ અજય જાડેજાએ એસ્સાર ગ્રુપના આ સેવા કાર્યને બિરદાવતા જણાવ્યું હતું કે "હવેના સમયમાં આવી સામાજિક જવાબદારીઓનું નિર્વહન કોર્પોરેટ્સ દ્વારા કરવામાં આવે છે જે ખૂબ સરાહનીય છે. સાથે જ યુવરાજે જણાવ્યું હતું કે આવા કોઈ પણ સામાજિક સેવા કાર્યમાં સહભાગી થવા તેઓ હંમેશાં ઉપલબ્ધ છે."

આ અંગે વધુ માહિતી આપતા એસ્સાર ગ્રુપના રેસિડેન્ટ ડિરેક્ટર ભાવેન ભટ્ટે જણાવ્યું હતું કે "એસ્સાર ગ્રુપ એક જવાબદાર કોર્પોરેટ નાગરિક તરીકેની ફરજ બજાવતા છેલ્લા ૩ વર્ષથી આ સેવા કેમ્પનું આયોજન કરી રહ્યું છે, જે દરમ્યાન આ રૂટ ઉપર પસાર થતા લાખો શ્રદ્ધાળુઓ ભોજન, પાણી, આરામ અને મેડિકલ સહાય જેવી સેવાઓનો લાભ લે છે. જનસેવા એજ પ્રભુસેવાના નેમ સાથે આયોજિત આ કેમ્પને આસપાસના આગેવાનો અને ગ્રામજનોનો પણ સહયોગ અને અદ્ભુત પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આવા વધુ આયોજનો કરી સ્થાનિક લોકોની સેવા માટે હરહંમેશ કટિબદ્ધ રહીશું."

શ્રી દ્વારિકાધીશના ફૂલ-ડોલ ઉત્સવ અને દર્શન લાભમાં અનેરા ઉત્સાહ સાથે સહભાગી થવા જઈ રહેલા ભાવિકો આ સેવા કેમ્પની સેવાઓ લેવા ઉપરાંત અહીં ગરબા અને નૃત્ય દ્વારા પોતાની ભક્તિનું રસપાન સહુને કરાવતા જોવા મળે છે.

જામનગરના ત્રણેય શખ્સની પોલીસ દ્વારા પૂછપરછ:

કલ્યાણપુરના દેવરીયા પાસે મોટરમાંથી દારૂની ૧૨ બોટલ સાથે ત્રણ શખ્સ ઝડપાયા

જામનગર તા. ૨૫: કલ્યાણપુર તાલુકાના દેવરીયા ગામના પાટીયા પાસેથી ગઈકાલે પોલીસે એક મોટરમાં જઈ રહેલા જામનગરના ત્રણ શખ્સને ઈંગ્લીશ દારૂની ૧૨ બોટલ સાથે પકડી પાડ્યા છે. બોટલ, ત્રણ મોબાઈલ, દારૂ સહિત રૂ.સવા ત્રણેક લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના રાવલ ગામ તરફ જતાં રસ્તા પર દેવરીયા ગામના પાટીયા નજીકથી ગઈકાલે બપોરે જીજે-૧૦-ઈસી ૨૩૪ નંબરની મોટર દોડી જતી હતી. તે મોટરને પેટ્રોલિંગમાં રહેલી પોલીસ ટીમે રોકાવી તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની બે બાંડની ૧૨ બોટલ મળી આવી હતી.

રૂ.૩ લાખની મોટર, દારૂનો જથ્થો, ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૩,૩૧,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસે મોટરમાં જઈ રહેલા જામનગરના રણજીતસાગર રોડ પર નંદનવન સોસાયટીમાં રહેતા ગૌતમ મનોજગીરી ગોસ્વામી, નિલકમલ સોસાયટીમાં રહેતા અમુકકર દીવાકર મરાઠા તથા હનુમાન ટેકરીમાં રહેતા હર્ષ ગંગાધર સીતાલે નામના ત્રણ શખ્સની ધરપકડ કરી છે.

ગતિમર્યાદામાં વાહન ચલાવવા અંગે જાહેરનામું:

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૪૦ કિ.મી.થી વધુ ગતિમર્યાદામાં વાહન ચલાવવા પ્રતિબંધ

ખંભાળીયા તા. ૨૫: આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન ગુજરાત રાજ્યના જૂદા-જૂદા જિલ્લાઓ તથા અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓ ચાલીને દ્વારકામાં દર્શનાર્થે આવતા હોય છે. આ પદયાત્રીઓ દિવસ-રાત દરમ્યાન ચાલીને જતા હોવાથી રસ્તા પર સતત ટ્રાફિક રહે છે. આ સંજોગોમાં કોઈ પદયાત્રી અકસ્માતનો ભોગ ન બને તે માટે દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ તેમને મળેલ સત્તાની રૂએ ગતિમર્યાદામાં વાહન ચલાવવા અંગેનું એક જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

આ જાહેરનામાં અંતર્ગત રસ્તાઓ ઉપર પસાર થતા વાહનોના કારણે કોઈ પદયાત્રી અકસ્માતનો ભોગ ન બને તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદ શરૂ થાય ત્યાંથી ઝાખર પાટીયા-ખંભાળિયા-રાણ લીંબડી-ભાટીયા-દ્વારકાનો રૂટ, ઝાખર પાટીયા-ખંભાળિયા-રાણ લીંબડી-ગુરગઢ-દ્વારકાનો રૂટ, દ્વારકા-ઓખાનો રૂટ, દ્વારકા - નાગેશ્વરનો રૂટ, ભાટીયા-હર્ષદ માતાજી (ગાંધવી)નો રૂટ, હર્ષદ માતાજી (ગાંધવી) દ્વારકાના રૂટ પર પસાર થતા વાહન ચાલકોએ તા. ૨૫-૦૨-૨૬થી તા. ૦૪-૦૩-૨૬ સુધી તેમનું વાહન ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ગતિ મર્યાદાથી વધારે ચલાવવા પર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ જાહેરનામું અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી દેવભૂમિ દ્વારકા દ્વારા પરવાનગી અપાયેલ વાહનો, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

રૂ.૩૦૬૦૦ દંડ પેટે ભરવા આદેશ:

લોનની રકમનો ચેક પરત ફરવાના કેસમાં સભાસદને છ મહિનાની કેદ

જામનગર તા. ૨૫: જામનગરની એક સોસાયટી દ્વારા સભાસદ સામે ચેક પરતની ફરિયાદ કરાઈ હતી. અદાલતે ડિફોલ્ટર સભાસદને છ મહિનાની કેદ અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે.

જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીના સભાસદ મહેશ્વર વસંતભાઈ રાઠોડે સોસાયટીમાંથી લોન મેળવી ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફરતા મહેશ્વર રાઠોડ સામે અદાલતમાં ફરિયાદ કરાઈ હતી. તે કેસ ચાલી જતા અદાલતે આરોપી મહેશ્વર વસંતભાઈ રાઠોડને તકસીરવાન ઠરાવી છ મહિનાની કેદ તથા રૂ.૩૦૬૦૦નો દંડ ફટકાર્યો છે. સજાના હુકમ સમયે આરોપી ગેરહાજર હોવાથી સજાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું છે. સોસાયટી તરફથી વકીલ મિતેશ પટેલ, મણીલાલ કાલસરીયા, ગૌરાંગ મુંજપરા, એચ.એમ. ધામેલીયા, જયદીપસિંહ જાડેજા રોકાયા હતા.

સરકારના સહયોગ વિના દાતાઓના ફંડ દ્વારા

જામનગરની બે સેવાભાવી સંસ્થાઓ આગામી ચોમાસા પહેલા ૨૮ ગામના તળાવો ઊંડા ઉતારશે: પ્રશંસનિય

જામનગર તા. ૨૫: જૈન સંગઠન ફાઉન્ડેશન-જામનગર અને રોટરી ક્લબ ઓફ જામનગર દ્વારા સંયુક્ત રીતે આગામી ચોમાસા પહેલા જામનગર જિલ્લાના ૨૮ ગામડાઓના તળાવો ઊંડા ઉતારવાના કાર્યનો શુભારંભ થયો છે.

'વર્ષા જળ સંચય' માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી પ્રેરાઈ બીજેએસ જૈન સંગઠન જામનગર દ્વારા વર્ષ ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૫ માં ૧૨ ગામડાઓના ૧૫ તળાવો ઊંડા ઉતારી ૧૮ કરોડ લીટર વર્ષા-જળ સંગ્રહ ક્ષમતા વધારવાના પરિણામોથી પ્રેરાઈ, જામનગરની બે માતબર સેવાભાવી સંસ્થાઓ (૧) બીજેએસ-જૈન સંગઠન ફાઉન્ડેશન જામનગર અને (૨) રોટરી ક્લબ ઓફ જામનગરે સંયુક્ત રીતે વર્ષ ૨૦૨૬ ના ચોમાસા પહેલા સ્વભંડોળથી ૨૮ ગામડાના તળાવો ઊંડા ઉતારી ૩૫ કરોડ લીટર વર્ષા-જળ સંગ્રહ ક્ષમતા વધારવા કમર કસી છે.

જામનગર જિલ્લાના ગામડાઓના સર્વે અને ગ્રામ-સભાઓ યોજવામાં આવી રહી છે અને સરકાર દ્વારા 'સુજલામ્ સુફલામ'નો પરિપત્ર જાહેર થતા જ મચ્છુ-બેરાજા, ડબાસંગ, આરબલૂસ, આરીખાણા, ચંપા-બેરાજા, ઠેબા, સડોદર, રાવલસર, બાલાચડી, ઈંચરિયા, ધ્રોળ, મોટા-વાગુદડ, ધુન-ધોરાજી જેવા કુલ ૨૮ ગામના તળાવો ઊંડા ઉતારવાનું કાર્ય શરૂ કરવામાં આવશે.

તા. ૧૯-૨-૨૬ ના મચ્છુ-બેરાજા ગામે સંસ્થાના પ્રતિનિધિઓ સર્વે જીગ્નેશ શાહ, હિતેષ ચંદરિયા, શરદ શેઠ, સમીર મહેતા, નિહાર માલદે, જયેશ મહેતા વિગેરેની ઉપસ્થિતિમાં ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોએ સહકાર આપવા તત્પરતા દર્શાવેલ. આ જ રીતે આગામી દિવસોમાં અન્ય ગામોમાં પણ ગ્રામ સભાઓ યોજવામાં આવનાર છે.

જળ સંચયના આ સેવા યજ્ઞ માટે કંપનીઓના સીએસઆર ફંડ, દાતાના દાન અને ગ્રામજનોના સહકારથી ભંડોળ એકત્રિત કરી, સરકારનો કોઈ આર્થિક સહયોગ લીધા વગર સ્વભંડોળથી જ કાર્ય સંપન્ન કરવામાં આવશે. જળ સંચય, પર્યાવરણની સુરક્ષા, સ્વચ્છતા વિગેરે ફક્ત સરકારની જ નહીં, આપણા સર્વેની ફરજ છે. જનશક્તિથી જ આવા કાર્યો સુગમતાથી સંપન્ન થઈ શકે. જળસંચયના સેવાયજ્ઞમાં તન-મન-ધનથી સહયોગ આપવા ઈચ્છા ધરાવતા લોકો સંસ્થાના પ્રતિનિધિનો સંપર્ક કરી શકે છે.

સ્વ.રણજીતસિંહ પ્રતાપસિંહ જાડેજા
સ્વ.તા.૨૪-૨-૨૦૨૬, મંગળવાર

દુઃખદ અવસાન/બેસણું

મુળ ગામ હીંગડી ઠક્કર જામનગર નિવાસી રણજીતસિંહ પ્રતાપસિંહ જાડેજા (ઉ.વ.૫૪)નું તા.૨૪-૨-૨૦૨૬ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સદ્ગતનું બેસણું તા.૨૬-૨-૨૦૨૬ને ગુરુવારે સાંજે ૫ થી ૬ વાગ્યા દરમ્યાન નિવાસ સ્થાન નીલકંઠ મહાદેવ મંદિર પાસે, કિસ્ટલ મોલની સામે, ખોડીયાર કોલોની, જામનગર ખાતે રાખેલ છે.

દિલીપસિંહ પી. જાડેજા (ભાઈ)
વિક્રમસિંહ પી. જાડેજા (ભાઈ)(૯૬૮૬૯૧૪૭૮)
અનોપસિંહ એલ.જાડેજા (ભાઈ)(૮૮૪૦૧૩૪૨૪૨)
દેવેન્દ્રસિંહ આર.જાડેજા (પુત્ર)(૯૬૦૧૬૬૬૬૬૬)
તથા જાડેજા પરિવારના જય માતાજી

હોળાષ્ટકથી દોલોત્સવ સુધી જગત મંદિરમાં દરરોજ રંગોત્સવ

દ્વારકાધીશને ચાંદીની પિચકારીમાં કેસર જળનો છંટકાવ

(તસ્વીર: રવિ બારાઈ)

તા. ૨૪ ફેબ્રુઆરીથી હોળાષ્ટકનો પ્રારંભ થયો હોય, દ્વારકાધીશ જગતમંદિરમાં દોલોત્સવ સુધી ઠાકોરજીને સવારે શ્રૃંગાર આરતી તેમજ સાંજે સંધ્યા આરતી દરમિયાન સફેદ વસ્ત્રો સાથેના અલૌકિક શ્રૃંગાર સાથે બન્ને આરતી સમયે ઠાકોરજી સંગ ચાંદીની પિચકારીમાં કેસરજળ તથા અબીલ ગુલાલની પોટલી સાથેના શ્રૃંગાર યોજાશે. ગઈકાલ સવારે ૧૦-૪૫ કલાકે યોજવામાં આવતી શ્રૃંગાર આરતી સમયેથી ભાવિકો ઠાકોરજીની પ્રસાદીરૂપ અબીલ-ગુલાલની પોટલીઓથી રંગે રંગાયા હતાં. હવે ફૂલડોલ ઉત્સવ સુધી સવાર-સાંજ બન્ને સમયે જગતમંદિર પરિસરમાં પણ ભાવિકો રંગે રંગાતા જોવા મળશે.

ધંધા રોજગાર બંધ રાખી વિરોધ નોંધાવ્યો:

મોરબીમાં સોની યુવાનની હત્યાના વિરોધમાં દ્વારકા સોની સમાજ દ્વારા સ્વયંભૂ બંધ પાળ્યો

(તસ્વીર: રવિ બારાઈ)

આજથી બે દિવસ પહેલા મોરબીમાં સોની યુવાનની થયેલ નિર્મમ હત્યાના વિરોધમાં દ્વારકાના સમસ્ત પરજિયા સોની સમાજના બંધુઓએ અડધો દિવસ ધંધા રોજગાર બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. આવા બનાવો ભવિષ્યમાં ન બને તે માટે સોની સમાજમાં એકતા જાળવવા સંગઠિત સૌ સોની ભાઈઓએ અપીલ કરી છે.

દિલ્હી એઆઈ સમિટમાં કોંગ્રેસ દ્વારા વિરોધ બદલ

જામનગમાં ભાજપ મહિલા મોરચા દ્વારા રાહુલ ગાંધી સામે વિરોધ પ્રદર્શન

(તસ્વીર: નિર્મલ કારીયા)

જામનગર તા. ૨૫: નવી દિલ્હીમાં આયોજીત એઆઈ સમિટમાં કોંગ્રેસ અને રાહુલ ગાંધીના હાસ્યાસ્પદ વિરોધ પ્રદર્શનએ ફરી એક વખત રાહુલ ગાંધી અને કોંગ્રેસની દેશ વિરોધી વિચારધારા પ્રદર્શિત કરી છે. જેના વિરોધમાં જામનગરમાં ભાજપના મહિલા મોરચા દ્વારા ગત્ સાંજે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

શહેરના પવનચક્કી વિસ્તારમાં આયોજીત આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનોએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી હાય-હાય લખેલા પોસ્ટરો પ્રદર્શિત કર્યા હતાં.

આ કાર્યક્રમમાં શહેર ભાજપના અધ્યક્ષા બિનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર કિન્નાબેન સોઢા, મહિલા મોરચાના અધ્યક્ષા દક્ષાબેન અગ્રાવત, મહામંત્રી ભાવેશ કુમ્મર, મહાનગરપાલિકા દંડક કેતન નાખવા, મહિલા મોરચાના મહામંત્રી અવનિબેન ત્રિવેદી, નિકિતાબેન કુંવરિયા સહિતના સંગઠનના હોદ્દેદારો-કાર્યકર્તાઓ જોડાયા હતાં.

ભાદરાની શાળાના ઓરડામાં રાત્રિ મુકામ

પ્રાકૃતિક ખેતીના નિરીક્ષણ કરતા રાજ્યપાલે ગાય દોહી

જામનગર તા. ૨૫: રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ભાદરામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત ધનશ્યામભાઈ ભંડેરીના ખેતરની મુલાકાત લઈ ખેડૂતોનો ઉત્સાહ વધાર્યો હતો. તેઓએ ગાયનું દોહન કર્યું હતું અને ખેતરમાં સ્થાનિક ખેડૂતો સાથે સંવાદ કરી પ્રાકૃતિક કૃષિનો મંત્ર આપ્યો હતો. કેમિકલમુક્ત ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બન વધારવા અને આર્થિક સમૃદ્ધિ મેળવવા રાજ્યપાલે માર્ગદર્શન આપ્યું હતું. ભાદરાની સરકારી શાળાના ઓરડામાં રાત્રિરોકાણ કરી રાજ્યપાલે સાદગી પરિચય આપ્યો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જામનગર જિલ્લાના ભાદરા ગામની મુલાકાત દરમિયાન પોતાની સાદગી અને કૃષિ પ્રત્યેના લગાવનો પરિચય આપ્યો હતો.

ગામની શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિરોકાણ કર્યા પછી વહેલી સવારે તેઓ સ્થાનિક ખેડૂત ધનશ્યામભાઈ ભંડેરીના પ્રાકૃતિક ખેતી મોડલ ફાર્મની મુલાકાતે પહોંચ્યા હતા.

રાજ્યપાલે ખેતરની મુલાકાત દરમિયાન માત્ર નિરીક્ષણ જ નહીં, પરંતુ ખેતીની પ્રક્રિયામાં સક્રિય રસ લીધો હતો. તેમણે જાતે ગાયનું દોહન કર્યું હતું અને ખેતરમાં હળ ચલાવીને ઉપસ્થિત સૌ ખેડૂતોને આશ્ચર્યચકિત કર્યા હતા. પ્રાકૃતિક કૃષિ માટે અત્યંત મહત્ત્વના એવા 'ઘન જીવામૃત'ની બનાવટનું નિરીક્ષણ કરવાની સાથે તેમણે ખેતરમાં લહેરાતી વિવિધ બાગાયતી પેદાશો અને વૃક્ષોની ગુણવત્તા પણ ચકાસી હતી.

આચાર્ય દેવવ્રતજીની સાદગીથી ગ્રામજનો પ્રભાવિત

સ્થાનિક ખેડૂતો સાથે સંવાદ સાધતા રાજ્યપાલે જણાવ્યું હતું કે, જમીનનો ઓર્ગેનિક કાર્બન વધારવો એ જ કૃષિની સાચી સમૃદ્ધિ છે. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવામાં આવતી મુશ્કેલીઓ વિશે જાણી તેમણે તેનું તાર્કિક નિવારણ સૂચવ્યું હતું. તેમણે દરેક ખેડૂતને પ્રાયોગિક ધોરણે ઓછામાં ઓછી એક એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરવા માટે ભાવભર્યું આહ્વાન કર્યું હતું.

રાજ્યપાલના આગમનથી ઉત્સાહિત ખેડૂત ધનશ્યામભાઈએ જણાવ્યું હતું કે, "રાજ્યના સર્વોચ્ચ પદ પર બિરાજમાન વ્યક્તિ અમારા જેવા સામાન્ય ખેડૂતના આંગણે આવે અને પોતે ગાય દોહવા તેમજ કૃષિ વિષયક અન્ય કાર્યો કરે તે અમારા માટે ગૌરવની ક્ષણ છે. તેમની આ મુલાકાતથી અમારા સમગ્ર પંથકમાં પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે નવી ચેતનાનો સંચાર થયો છે."